# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-12-2025** **Evening : 7.00 to 7.10 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગિની સોનારા** વાંચે છે.

---

1. રાજ્યમાં S.I.R. પ્રક્રિયા બાદ મુસદ્દા મતદાર યાદી જાહેર - ચાર કરોડ 34 લાખ જેટલા મતદાર નોંધાયા
2. નવી દિલ્હીમાં ક્રેડાઈની રાષ્ટ્રીય સભાને સંબોધતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, ધોલેરા દેશનું પહેલું સ્માર્ટ ઔદ્યોગિક શહેર બનશે
3. ગુજરાત વડી અદાલત વકીલ સંગઠન સહિત રાજ્યના 278થી વધુ વકીલ મંડળની આજે ચૂંટણી યોજાઈ
4. રાજ્યમાં આજથી ત્રણ દિવસના "સશક્ત નારી મેળા"નો પ્રારંભ
5. અમદાવાદમાં રમાતી 5મી અને અંતિમ ટી-20 આંતરરાષ્ટ્રીય મેચમાં દક્ષિણ આફ્રિકાએ ટૉસ જીતીને બૉલિંગ પસંદ કરી.

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# SIR DRAFT YADI

ચૂંટણી પંચે આજે વિશેષ સઘન સુધારણા – S.I.R. પ્રક્રિયા બાદ મુસદ્દા મતદાર યાદી જાહેર કરતાં રાજ્યમાં ચાર કરોડ 34 લાખ જેટલા મતદાર નોંધાયા. આ પ્રક્રિયા દરમિયાન 73 લાખ 73 હજારથી વધુ મતદારના નામ મુસદ્દા યાદીમાંથી કમી કરાયા છે. જ્યારે પાંચ કરોડ આઠ લાખ પૈકી ચાર કરોડ 34 લાખ જેટલા મતદારના ગણતરીપત્રકનું સંપૂર્ણ ડિજિટાઈઝેશન કરાયું છે.

રાજ્યભરમાં ગત દોઢ મહિનામાં 50 હજાર 963 જેટલા બૂથ સ્તરના અધિકારી – B.L.O-એ ઘરે-ઘરે જઈ ગણતરીપત્રક આપીને મતદારોનો મૅપિંગ અને મૅચિંગની કામગીરી યોગ્ય રીતે પૂરી કરી છે. હવે આગામી 18 જાન્યુઆરી 2026 સુધીમાં મતદારો વાંધા અને દાવા રજૂ કરી શકશે. જ્યારે 10 ફેબ્રુઆરી 2026 સુધીમાં ચૂંટણી અધિકારીઓ વાંધા અને દાવાઓનો નિકાલ કરશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

----------

# DISTIRCT SIR DRAFT LIST

રાજ્યભરમાં S.I.R. બાદ મુસદ્દા મતદાર યાદી જાહેર કરવામાં આવી છે. ત્યારે અમદાવાદ જિલ્લામાં 21 વિધાનસભા વિસ્તારમાં 62 લાખ 59 હજાર મતદારોને ગણતરીપત્રકનું વિતરણ કરાયું હતું. તેમાંથી 77 ટકા મતદારના ગણતરીપત્રક ભરાઈને આવ્યા અને ઍન્ટ્રી થઈ. જ્યારે 23 ટકા લોકો મૃત્યુ પામેલા, ગેરહાજર અને સ્થળાંતર થયેલા હોવાનું જણાયું.

સુરત જિલ્લામાં S.I.R. પ્રક્રિયા દરમિયાન કુલ 25 લાખ પાંચ હજાર 311 મતદારનું મૅપિંગ કરાયું. તેમાંથી 11 લાખ 17 હજાર 882 મૅપિંગ ન

થયેલા મતદાર મળી કુલ 36 લાખ 23 હજાર 193 મતદારની આજે મુસદ્દા મતદાર યાદી જાહેર કરવામાં આવી છે.

ભરૂચમાં બે લાખ 15 હજાર જેટલા મતદારના ગણતરીપત્રક પરત ન આવ્યા હોવાનું જણાયું છે. તેવા ગણતરીપત્રકમાં 68 હજાર 107 મતદાર મૃત્યુ પામ્યા છે. જ્યારે 31 હજાર 311 ગેરહાજર, 98 હજાર 534 લોકો જિલ્લામાંથી કાયમી સ્થળાંતર થઈ ગયા છે. જ્યારે 17 હજાર 228 જેટલા મતદાર અન્ય સ્થળે નોંધાયેલા મળ્યા છે.

મહેસાણાના કલેક્ટર એસ. કે. પ્રજાપતિએ જણાવ્યું કે, જિલ્લામાં 17 લાખ 91 હજારથી વધુ મતદારને ગણતરીપત્રક અપાયા હતા, તેમાંથી 15 લાખ 97 હજાર 517 જેટલા એટલે કે 89 ટકાથી વધુ મતદારનું વર્ષ 2002ની યાદીમાં મેપીંગ થયું છે.

**(BYTE: S. K. PRAJAPATI, COLLECTOR, MEHSANA)**

----------

## CM CREDAI DELHI PROG

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદનું ધોલેરા દેશનું પહેલું સ્માર્ટ ઔદ્યોગિક શહેર બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો. નવી દિલ્હીમાં કૉન્ફડરેશન ઑફ રિઅલ એસ્ટેટ ડેવલપર્સ અસોસિએશન ઑફ ઇન્ડિયા એટલે કે, ક્રેડાઈની રાષ્ટ્રીય સભાને સંબોધતા શ્રી પટેલે કહ્યું. વિકસિત ભારત 2047ના સંકલ્પને સાકાર કરવામાં રિયલ એસ્ટેટ વિભાગની મહત્વની ભૂમિકા રહેશે. તેમણે બિલ્ડરોને પર્યાવરણ અનુકુળ ઈમારત બનાવવા પણ અપીલ કરી.

**(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)**

ઉલ્લેખનીય છે કે, આગામી સમયમાં રિયલ એસ્ટેટ ક્ષેત્રને કઈ દિશામાં લઈ જવાનું છે તે અંગે ચિંતન કરવા આ સભાનું આયોજન કરાયું હતું.

----------

# BAR ASSO ELECTION

ગુજરાત વડી અદાલત વકીલ સંગઠન સહિત રાજ્યના 278થી વધુ વકીલ મંડળની આજે ચૂંટણી યોજાઈ. સાંજે પાંચ વાગ્યા સુધી યોજાયેલી ચૂંટણીમાં વડી અદાલતના વકીલ સંગઠનમાં બે હજાર 500થી વધુ અને વકીલ મંડળના હોદ્દેદારોની ચૂંટણીમાં એક લાખથી વધુ વકીલે મતદાન કર્યું. આજે રાત સુધીમાં ચૂંટણીનું પરિણામ જાહેર કરાશે.

અમદાવાદની મેટ્રો અદાલતમાં પણ પ્રમુખ, ઉપ-પ્રમુખ, સચિવ, સંયુક્ત સચિવ, ખજાનચી, કાર્યકારી સમિતિ વગેરે માટે છ હજારથી વધુ વકીલ મતદારોએ મતદાન કર્યું હોવાનું ગુજરાત વકીલ પરિષદના અધ્યક્ષ જે. જે. પટેલે જણાવ્યું.

**(BYTE: J.J. PATEL, CHAIRMAN, BAR COUNCIL OF GUJARAT)**

ભરૂચ જિલ્લામાં પણ વકીલ મંડળની  ચૂંટણીમાં 50 ઉમેદવારો માટે 876 જેટલા મતદારોએ મતદાન કર્યું.

ઉલ્લેખનીય છે કે, સર્વોચ્ચ અદાલતના આદેશથી તમામ વકીલ મંડળમાં ખજાનચી માટે મહિલાનું પદ અનામત રખાયું છે.

----------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

## SASHAKTA NARI MELO - DISTRICT

રાજ્યભરમાં આજથી ત્રણ દિવસના સશક્ત નારી મેળાનો પ્રારંભ થયો. આત્મનિર્ભર ભારત, મહિલા નેતૃત્વ વિકાસ અને સ્વદેશી સશક્તિકરણના સંકલ્પને સાકાર કરવાના હેતુથી રાજ્ય સરકાર દ્વારા આ મેળાનું આયોજન કરાયું છે. તે અંતર્ગત બોટાદના સાળંગપુર હનુમાનજી મંદિર ખાતે પ્રભારી મંત્રી રિવાબા જાડેજાએ મેળો ખૂલ્લો મૂકી લોકોને સ્વદેશી વસ્તુઓ અપનાવવા અપીલ કરી.

**(બાઇટ –રિવાબા જાડેજા ,પ્રભારી મંત્રી)**

ભાવનગરના પ્રભારી મંત્રી કૌશિક વેકરીયાએ શરૂ કરાવેલા મેળામાં 100 જેટલી હાટડી બનાવાઇ છે, તેમાં સ્વસહાય જૂથની મહિલાઓ હાથસાળ, ઘરેણાં, આયુર્વેદિક વસ્તુનું વેચાણ કરશે.

સુરેન્દ્રનગરનાં પ્રભારી મંત્રી દર્શના વાઘેલા અને નાયબ મુખ્યદંડક જગદીશ મકવાણાએ મેળાને ખુલ્લો મૂક્યો. પ્રભારી મંત્રીએ મહિલા કારીગરો સાથે સંવાદ કરી તેમણે બનાવેલી ચીજવસ્તુઓની માહિતી મેળવી.

ભરૂચમાં રાજ્યમંત્રી સંજયસિંહ મહિડાએ શરૂ કરાવેલા મેળામાં સ્વસહાયજૂથો, મહિલા સ્ટાર્ટઅપ, સહકારી સંસ્થાઓ અને મહિલા ખેડૂતોના ઉત્પાદનો અને નવીનતાઓ રજૂ કરવામાં આવી છે.

મહેસાણાના પ્રભારીમંત્રી પ્રવીણ માળીએ સશક્ત  નારી મેળો ખુલ્લો મૂકાવ્યો. દરમિયાન 38 સ્વસહાય જૂથોને 1 કરોડ 14 લાખ રૂપિયાની બેન્ક ધિરાણ અને 7 બેંકિંગ કરસપોન્ડન્ટ સખીને નિમણૂકપત્ર અપાયા.

નર્મદામાં પ્રભારી મંત્રી ઈશ્વરસિંહ પટેલે એકતાનગર ખાતે મેળાનો પ્રારંભ કરાવ્યો.

----------

## VIBRANT DISTRICT LEVEL

રાજકોટમાં આવતા મહિને બીજી વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ – VGRC યોજાશે. તેને વધુ બળ આપવાના હેતુથી રાજ્યના કેટલાક જિલ્લામાં આજે જિલ્લાસ્તરના કાર્યક્રમ યોજાયા. તે અંતર્ગત મોરબીમાં કેશવ સભાખંડ ખાતે પ્રભારી મંત્રી ત્રિકમ છાંગાની ઉપસ્થિતિમાં યોજાયેલા મિની વાયબ્રન્ટ સંમેલનમાં કરોડો રૂપિયાના સમજૂતી કરાર કરાયા. શ્રી છાંગાએ

જાન્યુઆરીમાં ઉદ્યોગોના પ્રશ્નોના નિવારણ માટે ઑપનહાઉસ કાર્યક્રમ યોજવાની જાહેરાત કરી. આ અંગે કલેક્ટર કે. બી. ઝવેરીએ વધુ માહિતી આપી.

**(BYTE: K. B. ZAVERI, COLLECTOR, MORBI)**

સુરેન્દ્રનગરના પંડિત દિનદયાળ ઉપાધ્યાય નગરગૃહ ખાતે પ્રભારી મંત્રી દર્શના વાઘેલાની ઉપસ્થિતિમાં જિલ્લાસ્તરનો કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે 30 જેટલા ઔદ્યોગિક એકમ સાથે 834 કરોડ રૂપિયાના સમજૂતી કરાર – MoU કરાયા.

ભાવનગરમાં પ્રભારીમંત્રી કૌશિક વેકરિયાની અધ્યક્ષતામાં યોજાયેલા કાર્યક્રમમાં એક હજાર 731 કરોડ રૂપિયાથી વધુના સમજૂતી કરાર થયા.

----------

# CRICKET T20

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે પાંચમી અને અંતિમ ટી-20 આંતર-રાષ્ટ્રીય મૅચ આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાઇ રહી છે. હાલમાં મળતાં અહેવાલ મુજબ, દક્ષિણ આફ્રિકાએ ટૉસ જીતીને બૉલિંગ પસંદ કરી છે. સૂર્યકુમાર યાદવની આગેવાની હેઠળની ભારતીય ટીમ આ સ્પર્ધામાં 2-1થી આગળ છે. બુધવારે લખનઉના એકાના સ્ટૅડિયમમાં ચોથી ટી-20 મૅચ ધુમ્મસના કારણે રદ કરવામાં આવી હતી.

----------